સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૮૩૪૨૧/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૧૦/૨૦૧૯.

વંચાણે લીધા-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૨.૦૨.૨૦૧૯નો પત્ર નં.યજન/૫૧/નવી-બાબત-૧૯-૨૦/૨૦૧૯/૪૨

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૧૯.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૩.૦૮.૨૦૧૯નો પત્ર નં.સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૨૮.

આમુખ-

વિભાગ હસ્તકની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી અનાથ, નિરાધાર બાળકો, વિકલાંગો (દિવ્યાંગો), બાળાઓ, વૃધ્ધો માટે સહાય સંભાળ રક્ષણ અને પુન:સ્થાપનની કામગીરી કરે છે. સરકારી અને અનુદાનિત સંસ્થાઓ અનાથ નિરાધાર અને સાર સંભાળની જરૂરીયાતવાળા બાળકોને આશ્રય, રક્ષણ, ભોજન, શિક્ષણ અને સલામતીની જરૂરીયાતો પુરી પાડીને સમાજમાં પુન:સ્થાપન કરવાની કામગીરી કરે છે. બિનવારસી રક્ષણ અને સંભાળની જરૂરીયાતવાળી બાળાઓમાં ઘણીવાર મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ પણ હોય છે જે વિશિષ્ટ પ્રકારની કાળજી માંગી લેતી હોય છે જેને સામાન્ય બાળાઓ/મહિલાઓ સાથે રાખી શકાય નહિં.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવી કોઈ સંસ્થા ન હોઈ રાજકોટ ખાતે સરકારી ધોરણે અપંગ બાળગૃહના ખાલી ભાગમાં મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૧૮.૨૫ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક (૨) અને (૩) પરના પત્રોથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૧) થી (૩) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે સરકારી ધોરણે અપંગ બાળગૃહના ખાલી ભાગમાં મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેના ટેબલના મહેકમની શરતે તેમજ નીચેની શરતોને અધીન આપવામાં આવે છે.

સરકારી ધોરણે રાજકોટ ખાતે ૫૦ મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે જરૂરી સ્ટાફની વિગતો નીચેના ટેબલ મુજબ છે.

| ક્રમ | મહેકમ | વર્ગ | સંખ્યા | માસિક ફિક્સ પગાર/આઉટસોર્સ | ૫ વર્ષ પુરા થયે પુરા પગાર ધોરણમાં | ૬ માસનો ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક (ચીફ ઓફિસર) | ૩ | ૧ | રૂ.૩૮,૦૯૦ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૪૦૦ | ૩૮૦૯૦x૬ x૧ =૨,૨૮,૫૪૦ |
| ૨ | કેસ વર્કર કમ પ્રોબેશન ઓફિસર | ૩ | ૧ | રૂ.૩૧,૩૪૦ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૮૦૦ | ૩૧૩૪૦x૬ x૧ =૧,૮૮,૦૪૦ |
| ૩ | સિનિયર ક્લાર્ક | ૩ | ૧ | રૂ.૧૯,૯૫૦ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૪૦૦ | ૧૯૯૫૦x૬ x૧ =૧,૧૯,૭૦૦ |
| ૪ | ગૃહમાતા | ૩ | ૧ | રૂ.૧૯,૯૫૦ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૪૦૦ | ૧૯૯૫૦x૬ x૧ = ૧,૧૯,૭૦૦ |
| ૫ | પટાવાળા | ૪ | ૧ | આઉટસોર્સ | મીની.૯૦૦૦ લેખે | ૯૦૦૦x૬ x૧ =૫૪,૦૦૦ |
| ૬ | રસોયા | ૪ | ૧ | આઉટસોર્સ | મીની.૯૦૦૦ લેખે | ૯૦૦૦x૬ x૧ = ૫૪,૦૦૦ |
| ૭ | લેડી એટેન્ડન્ટ | ૪ | ૩ | આઉટસોર્સ | મીની.૯૦૦૦ લેખે | ૯૦૦૦x૬ x૩ =૧,૬૨,૦૦૦ |
| ૮ | સ્વીપર | ૪ | ૧ | આઉટસોર્સ | મીની.૯૦૦૦ લેખે | ૯૦૦૦x૬ x૧ =૫૪,૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | ચોકીદાર | ૪ | ૧ | આઉટસોર્સ | મીની.૯૦૦૦ લેખે | ૯૦૦૦x૬ x૧ = ૫૪,૦૦૦ |
| ૧૦ | પાર્ટ ટાઇમ વિઝિટીંગ મેડિકલ ઓફિસર | | ૧ | ફિક્સ રૂ.૨૫૦૦/- | | ૨૫૦૦x૬ x૧ =૧૫,૦૦૦ |
| ૧૧ | પાર્ટ ટાઇમ(મંદબુધ્ધિ સંસ્થા માટે) મનોવૈજ્ઞાનિક/મનોચિકિત્સક | | ૧ | રૂ.૩૭૫ એક વિઝિટના (અઠવાડીયાની ત્રણ વિઝીટ) | અધિકતમ રૂ.૪૫૦૦/- માસિક. | ૪૫૦૦x૬ x૧ =૨૭,૦૦૦ |
| કુલ ખર્ચ | | | | | | રૂ.૧૦,૭૫,૯૮૦/- |

શરતો:-

(૧) ઉપરોક્ત ટેબલ મુજબ ક્રમ નં.૧થી ૪ સુધીની જગ્યાઓ નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ મુજબ ભરવાની રહેશે.

(૨) ઉપરોક્ત ટેબલ મુજબ ક્રમ નં.૧૦ પરની જગ્યા આ વિભાગના તા.૦૭/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૬/૭૧૦૧૨૮/છ મુજબ ભરવાની રહેશે.

(૩) ઉપરોક્ત ટેબલ મુજબ ક્રમ નં.૧૧ પરની જગ્યા માટે વિઝિટ દીઠ ઉચ્ચક રકમ ચુકવવાની રહેશે.

ઉપરોક્ત જગ્યાઓ અંગેનો મહેકમ ખર્ચ છ માસ માટે આશરે રૂ.૧૦,૭૫,૯૮૦/- થાય છે. ઉક્ત વિગતે આ સંસ્થા માટે છ માસમાં થનાર ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ૬ માસનો ખર્ચ (અંદાજિત) |
|---|---|---|
| ૧ | ૫૦ બાળાઓ/મહિલાઓ માટેની એક સંસ્થાનો ૬ માસનો સ્ટાફ ખર્ચ | ૧૦,૭૫,૯૮૦/- |
| ૨ | નિભાવ ખર્ચ (એક બાળા/મહિલા દીઠ રૂ.૨૦૦૦ X ૬ X ૫૦) | ૬,૦૦,૦૦૦/- |
| ૩ | મકાન ભાડું ૬ માસ માટે | ૧,૫૦,૦૦૦/- |
| કુલ | | ૧૮,૨૫,૯૮૦/- |

શરતો-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રિય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

— ૪ —

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાના પગાર ધોરણો ROP-2006/ROP-2016/Pay-Matrix-Level પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના દોઢ માસ અગાઉ નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ દરખાસ્ત વિભાગને રજૂ કરવાની રહેશે, જે વિભાગે એક માસ અગાઉ નાણા સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) આઉટસોર્સિંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) ૧૧ માસ માટે કરારથી ફિક્સ પગારના ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો અને સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ માંગણી નં-૯૨ મુ.સ-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૩/૧૦/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

patel

( ડી. સી. પટેલ )

ઉપ સચિવ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.